# સુરત મહાનગરપાલિકા

મોજે જહાંગીરપુરા-પીસાદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા-પીસાદ) તૈયાર કરવા બાબત

# અધિસૂચન

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૨૨ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ના ઠરાવ નં. ૬૨૬(૧૦)થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર-રચના યોજનાઓ બનાવવા માટે એપ્રોપ્રીએટ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં. ૨૭)ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૪/૨૦૦૦, તા. ૭-૧૨-૨૦૦૦થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૫માં ગુલાબી પેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરપુરા-પીસાદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા-પીસાદ) તૈયાર કરવાનો ઇરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશનર,
સુરત મહાનગરપાલિકા

ઠરાવ:-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા. ૭-૧૨-૨૦૦૦ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-

મ્યુ. કમિશનરશ્રીનાં તા. ૧૯-૧૧-૨૦૦૦નાં પત્ર નં. સીપીસ/૮૨૨થી વિદિત થઈ, તેમાં જણાવેલ સઘળી માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા-પીસાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી પેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં. ૪૫ (જહાંગીરપુરા-પીસાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૪૧(૨) મુજબ ઇરાદો જાહેર કરવાનું, ઇરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજૂર કરવાનું તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરતા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક-એક વખત પ્રસિદ્ધ કરવાનું તથા ઇરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીનાં રાજપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ. કમિશનરશ્રીને અધિકૃત કરવાનું ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૬૪/૨૦૦૦ સર્વાનુમતે મંજૂર.

નં.પી.આર.ઓ./૩૪૭/૨૦૦૦-૨૦૦૧
તા.૨૦/૧૨/૨૦૦૦

# સુરત મહાનગરપાલિકા

## મોજે જહાંગીરપુરા-પીસાદ વિસ્તારની નગર રચના યોજના સુરત નં.૪૫ (જહાંગીર પુરા-પીસાદ) તૈયાર કરવા બાબત.

### અધિસૂચન

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૨૨ ની પેટા કલમ (૧) અન્વયે રચાયેલ સુરત શહેરી વિકાસ સત્તામંડળે તેના તા. ૨૭-૧-૮૪ ના ઠરાવ નંબર ૬(૧૦) થી સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં નગર રચના યોજનાઓ બનાવવા માટે રીઝર્વેશન ઓફ ઓથોરીટીએ કરવી રહેતી કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાને સત્તા આપેલ છે.

ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (પ્રેસીડન્ટ એક્ટ નં.૨૭) ની કલમ-૪૧ની જોગવાઈઓ મુજબ સુરત મહાનગરપાલિકાના નગર નિયોજન સમિતિનાં ઠરાવ નં. ૬૪/૨૦૦૦, તા.૭-૧૨-૨૦૦૦ થી ઠરાવ્યા મુજબ નકશા નં. ટીપીએસ/૪૫ માં ઉર્દુ ગુલાબી ઘેરા રંગની સળંગ રેખાથી બતાવેલ જહાંગીરપુરા-પીસાદ વિસ્તાર માટે નગર રચના યોજના સુરત નં.૪૫ (જહાંગીરપુરા-પીસાદ) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કર્યો છે. આ નકશાની એક નકલ જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલિકામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરી, ટાઉન પ્લાનીંગ વિભાગ સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતમાં રજાના દિવસો સિવાયના દિવસે ઓફીસ સમયમાં ખુલ્લી રાખવામાં આવેલ છે.

કમિશ્નર
સુરત મહાનગરપાલિકા.

ઠરાવ:-

સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન સમિતિની તા.૭-૧૨-૨૦૦૦ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો.

---

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૬-૧૧-૨૦૦૦ નાં પત્ર નં.સીપીસી/૮/૨૨ થી વિદિત થઈ, તેમાં જણાવેલ તારણો માહિતી ધ્યાને લઈ, સમિતિની સભામાં હાજર રહેલા ટાઉન પ્લાનરશ્રી અને શહેર વિકાસ અધિકારીશ્રી સાથે ચર્ચા વિચારણા કર્યા બાદ સુરત મહાનગરપાલિકાની હદમાં સુચિત-મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં.૪૫(જહાંગીરપુરા-પીસાદ) તૈયાર કરવા અંગે દરખાસ્ત સાથે સામેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી દર્શાવેલ વિસ્તારમાં નગર રચના યોજના સુરત નં.૪૫ (જહાંગીરપુરા-પીસાદ) બનાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૧(૨) મુજબ ઈરાદો જાહેર કરવાનું ઈરાદો જાહેર કરવા અંગે સામેલ અધિસૂચન મંજુર કરવાનુ તથા સદર અધિસૂચનનો બહોળો ફેલાવો કરવા બે સ્થાનિક દૈનિકપત્રોમાં એક એક વખત પ્રસિદ્ધ કરવાનુ તથા ઈરાદો જાહેર કર્યા મુજબ તેને સરકારશ્રીના રાજ્યપત્રમાં પ્રસિદ્ધ કરવા તેમજ મુસદ્દો તૈયાર કરી સરકારશ્રીમાં સાદર કરવાની તમામ કાર્યવાહી કરવા માટે મ્યુ.કમિશ્નરશ્રીને અધિકૃત કરવાનુ ઠરાવવામાં આવે છે.

ઠરાવ નં. ૬૪/ ૨૦૦૦ સર્વાનુમતે મંજુર.
નં.પી.આર.ઓ/ ૩૪૭
તા. ૨૦-૧૨-૨૦૦૦.

૨૧/૧૨/૨૦૦૦ ગુજરાતમિત્ર (સાંજ)